For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

| પક્ષ | વડોદરા મહાનગર પાલિકા | પાદરા નગર પાલિકા | વાઘોડિયા નગર પાલિકા | સાવલી નગર પાલિકા | ડભોઈ નગર પાલિકા | વડોદરા જિલ્લા પંચાયત | વડોદરા ગ્રા.તા.પંચાયત | પાદરા તાલુકા પંચાયત | કરજણ તાલુકા પંચાયત | શિનોર તાલુકા પંચાયત | સાવલી તાલુકા પંચાયત | ડેસર તાલુકા પંચાયત | ડભોઈ તાલુકા પંચાયત | વાઘોડિયા તાલુકા પંચાયત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 69 | 23 | 22 | 21 | 15 | 32 | 29 | 20 | 17 | 14 | 19 | 13 | 17 | 17 |
| | 6 | 5 | 2 | 3 | 21 | 2 | 1 | 6 | 3 | 2 | 3 | 3 | 3 | 3 |
| અન્ય | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| કુલ | 76 | 28 | 24 | 24 | 36 | 34 | 30 | 26 | 20 | 16 | 22 | 16 | 20 | 20 |

# BJP@69

# વડોદરાએ કર્યું પુનરાવર્તન



**કોંગ્રેસના ગઢમાં ગાબડાં: શહેરના ખૂણે ખૂણે ભાજપની પેનલોનો ભવ્ય વિજય, કાર્યકરોમાં ભારે ઉત્સાહ**

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા મહાનગરપાલિકાની 2026ની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઈતિહાસનું સૌથી મોટું પુનરાવર્તન કરીને વિરોધ પક્ષોને ધૂળ ચટાડી દીધી છે. શહેરના તમામ વોર્ડના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જેમાં ભાજપે કુલ 76 બેઠકોમાંથી 69 બેઠકો પર સપાટો બોલાવી પ્રચંડ બહુમતી હાંસલ કરી છે. 2021ની ચૂંટણીની સરખામણીએ 2026માં ભાજપના પ્રદર્શનમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે અને અનેક વોર્ડમાં આખી પેનલનો વિજય થયો છે.

ચૂંટણી પરિણામોના ટ્રેન્ડ પર નજર કરીએ તો, વડોદરાના મતદારોએ વિકાસના મુદ્દે ફરી એકવાર ભાજપ પર અતૂટ વિશ્વાસ મૂક્યો છે. વોર્ડ નંબર 1થી લઈને તમામ મહત્વના વિસ્તારોમાં ભાજપના ઉમેદવારોએ કોંગ્રેસ અને અન્ય પક્ષોના સુપડા સાફ કરી દીધા છે. વોર્ડ નંબર 13માં નીતિન પટેલ, ગોપાલ ગૌહિલ અને શૈલેષ પાટીલની પેનલે ભવ્ય જીત નોંધાવી છે, જ્યારે વોર્ડ નંબર 7માં ભાજપના તમામ ચારેય ઉમેદવારો વિજેતા જાહેર થયા છે. ખાસ કરીને જે વોર્ડમાં અગાઉ રસાકસી જોવા મળતી હતી, ત્યાં પણ આ વખતે ભાજપની પેનલે મજબૂત પકડ જમાવી છે.

કોંગ્રેસ માટે આ ચૂંટણી અત્યંત નિરાશાજનક રહી છે. વોર્ડ નંબર 1માં કોંગ્રેસની પેનલ તૂટી છે અને માત્ર જૂજ બેઠકો પર જ વિપક્ષ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. વોર્ડ નંબર 4 અને વોર્ડ નંબર 10માં પણ ભાજપે ક્લીન સ્વીપ કરીને કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારોમાં ગાબડાં પાડ્યા છે. અગાઉ 2021માં જે બેઠકો પર રસાકસી હતી, ત્યાં 2026માં મતદારોએ એકતરફી મતદાન કરીને ભાજપના વિજય રથને વેગ આપ્યો છે.

પરિણામો જાહેર થતા જ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. 'ભારત માતા કી જય' અને જય શ્રી રામ વિજયી નારાઓ સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યા હતા. રાજકીય વિશ્લેષકોના મતે, વડોદરાના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ અને પાયાની સુવિધાઓના કામોને કારણે પ્રજાએ ભાજપને આ ઐતિહાસિક જનાદેશ આપ્યો છે. 76માંથી 69 બેઠકો જીતીને ભાજપે વડોદરા મહાનગરપાલિકામાં પોતાની સત્તાને વધુ મજબૂત કરી છે, જે આગામી પાંચ વર્ષ માટે શહેરના વિકાસની દિશા નક્કી કરશે.

## કોંગ્રેસની ભૂલ! હરીશ પટેલની અપક્ષ જીતથી અમી રાવતને મોટો ફટકો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.1માં કોંગ્રેસના ગઢમાં ગાબડું પડ્યું છે. પૂર્વ વિજેતા હરીશ પટેલને ટિકિટ ન મળતાં તેમણે અપક્ષ તરીકે ચૂંટણી લડી 13,372 મતોથી જીત મેળવી, જેના કારણે કોંગ્રેસને માત્ર એક બેઠકથી સંતોષ માનવો પડ્યો. અમી રાવત સહિતના ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો.



વિરોધી લહેર છતાં ભાજપે શહેરમાં મજબૂત પ્રદર્શન કર્યું અને અગાઉ નબળા રહેલા વિસ્તારોમાં પણ સફળતા મેળવી. વોર્ડ 1, જે કોંગ્રેસનો ગઢ માનાતો હતો, ત્યાં આ વખતે પક્ષનો રેકોર્ડ તૂટ્યો. ગત ટર્મમાં કોંગ્રેસની પેનલ વિજેતા રહી હતી, પરંતુ આ વખતે ટિકિટ ફાળવણીમાં થયેલી ભૂલ ભારે પડી. પુષ્પાબેન વાઘેલા જીત્યા, જ્યારે અન્ય ઉમેદવારો પરાજિત રહ્યા. હરીશ પટેલની અપક્ષ જીત કોંગ્રેસ માટે નુકસાનકારક સાબિત થઈ.

## AIMIMને મળેલા મતો વોર્ડ-14ના કોંગી ઉમેદવાર માટે પરાજયનું કારણ?

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરામાં આ વખતે કેટલાક વોર્ડમાં સત્તાધારી પક્ષના કેટલાક ઉમેદવારો સામે મતદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કોંગ્રેસને આ વખતે સારી એવી બેઠકો ફાળે આવશે તેવું વડોદરાના નગરજનોમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું હતું. જોકે ક્યાંક કોંગ્રેસે બેઠકો ફાળવવામાં ભૂલ કરી હોવાથી કોંગ્રેસને સીધું નુકસાન થયું છે. ખાસ કરીને વોર્ડ 14માં વખતે બે ઉમેદવારો કોંગ્રેસ



અને બે ભાજપના ઉમેદવારોની જીત થઈ છે. જોકે આ વર્ષે કોંગ્રેસે બે બેઠક ગુમાવવી પડી છે. જેનું કારણ ઓલ ઈન્ડિયા મજલીસ એ એતીહાદુલ પાર્ટીમાંથી બે ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. જે ઉમેદવારોને મળેલા મત સીધા કોંગ્રેસના ઉમેદવાર જાવેદ ધૂપેલવાલાના કપાયા હોય આ હાર મળી હોવાનું રાજકીય મોરચે ચર્ચાયું હતું. એઆઈએમઆઈએમના બે ઉમેદવારોએ 2600 થી વધુ મત મેળવતા સીધું કોંગ્રેસના ઉમેદવારોને નુકસાન થયું હતું.

## ભાજપનો 'પેનલ પાવર': 19 માંથી 15 વોર્ડમાં કેસરીયો ક્લીન સ્વીપ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ આક્રમક રણનીતિ સાથે ઐતિહાસિક જીત નોંધાવી છે. શહેરના કુલ 19 વોર્ડમાંથી 15 વોર્ડમાં ભાજપે સંપૂર્ણ પેનલ વિજય મેળવીને વિરોધ પક્ષોને ભારે ઝટકો આપ્યો છે. વોર્ડ નં. 2 થી 13 તેમજ 17, 18 અને 19 માં ભાજપના તમામ ઉમેદવારો વિજેતા રહ્યા છે.



ખાસ વાત એ રહી કે કોંગ્રેસના પરંપરાગત ગઢમાં પણ ભાજપે ઘૂસણખોરી કરીને મજબૂત પેનલોને પરાજય આપ્યો છે. પરિણામે કોંગ્રેસ માત્ર 4 વોર્ડમાં સીમિત રહી કુલ 6 બેઠકો જ મેળવી શકી છે. મતદારોએ વ્યક્તિગત ઉમેદવાર કરતાં પક્ષને પ્રાથમિકતા આપતા ભાજપની પેનલને બહુમતી આપી છે, જે વડોદરાના રાજકારણમાં એકતરફી શાસનની દિશામાં મહત્વપૂર્ણ સંકેત માનવામાં આવે છે.

## આશિષ જોષીએ ભાજપની પેનલ તોડી, પણ માથે લટકે છે તપાસની તલવાર

વડોદરાના વોર્ડ નં. 15માં હાઈવોલ્ટેજ રાજકીય જંગ બાદ પરિણામ જાહેર થયું છે. ભાજપ સામે બગાવત કરીને કોંગ્રેસના સમર્થનથી લડેલા આશિષ જોષીએ ભાજપના વિજય રથને રોકીને નોંધપાત્ર જીત મેળવી છે. જોકે જીત સાથે વિવાદ પણ જોડાયો છે. એક તરફ સમર્થકો ઉજવણીમાં મગ્ન હતા, તો બીજી તરફ મતગણતરી કેન્દ્ર પર હાજર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચિંતા વધારી હતી. છોટાઉદેપુરમાં નોંધાયેલા દારૂના કેસમાં નામ સામે આવતા જોષી સામે તપાસ તેજ બની છે. વોર્ડની 4માંથી 3 બેઠકો ભાજપે જીતી છે, છતાં જોષીએ એક બેઠક જીતીને પેનલ તોડી છે. હવે તેમની ધરપકડ થાય છે કે નહીં તે મુદ્દો ચર્ચામાં છે.

## 10% થી પણ ઓછી બેઠકો મળતા કોંગ્રેસને 'વિપક્ષ'નું પદ ગુમાવવી પડે તેવી નોબત

વડોદરા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવી પોતાની સત્તા જાળવી રાખી છે, પરંતુ આ પરિણામોએ વિરોધ પક્ષો માટે ચિંતાજનક સ્થિતિ પેદા કરી છે. ખાસ કરીને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને સિંગલ ડિજિટ મેળવવામાં પણ ભારે સંઘર્ષ કરવો પડ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે કોંગ્રેસને કુલ બેઠકોના 10% થી પણ ઓછી સીટ મળી હોવાથી હવે મહાનગરપાલિકામાં કાયદેસરનું 'વિપક્ષનું પદ' મળે તેમ પણ દેખાતું નથી. પ્રજાએ વિપક્ષને સંપૂર્ણપણે જાકારો આપતા કોંગ્રેસ હવે વિરોધ પક્ષના નેતા પદની ગરિમા જાળવવા માટે પણ અસમર્થ સાબિત થઈ રહી છે. લોકશાહીમાં જે પક્ષ મજબૂત વિપક્ષ તરીકે ઓળખાતો હતો, તેની આવી દશાએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાડી છે.

## વિજેતા ઉમેદવારને મળેલા મત

**વોર્ડ નં.1**
કુંદન અમિત ટેલર 12,535
પુષ્પાબેન વાઘેલા 13,341
ભૂરસીંગ રાઠવા 10,106
હરીશભાઈ પટેલ 13,372

**વોર્ડ નં.2**
દામજીભાઈ પ્રજાપતિ 17372
ભાણજીભાઈ પટેલ 16347
વર્ષાબેન વ્યાસ 15894
ધ્રુવિતાબેન બ્રહ્મભટ્ટ બિનહરીફ

**વોર્ડ નં.3**
ઉર્વશીબેન પંચાલ 15,033
કલ્પનાબેન પટેલ 14,484
પંકજભાઈ તડવી 13,327
રણવીરસિંહ જાડેજા 13,452

**વોર્ડ નં.4**
શ્વેતા માછી 15,938
મધુબેન જૈન 17,040
અજીત દધીચ 18,801
મયુરભાઈ ચોવટીયા 16,059

**વોર્ડ નં.5**
તેજલબેન વ્યાસ 16,133
દક્ષાબેન પટેલ 15,300
કેશુભાઈ જેઠવા 16,319
મનોજભાઈ શાહ 15,164

**વોર્ડ નં.6**
ધરતી જીગર સોની 16,918
અનિતા વીરપુર 16,880
રણજીતભાઈ રાજપુત 15,640
પવન હેમનાણી 17,167

**વોર્ડ નં.7**
મેઘાબેન રાણા 15,765
શ્વેતા ચૌહાણ (ઉતેકર) 15,198
આદિત્ય પટેલ 17,534
સચિન ખંડેલવાલ 14,531

**વોર્ડ નં.8**
રીટા પરાશર આચાર્ય 16,253
મીનાબા ચૌહાણ 16,669
અજયકુમાર ડાભી 18,348
કેતન રજનીકાંત પટેલ 17,405

**વોર્ડ નં.9**
દીક્ષિતાબેન રાય 23,952
સુરેખાબેન પટેલ 22,532
પરેશકુમાર બ્રહ્મભટ્ટ 23,028
શ્રીરંગ રાજેશ આયરે 27,174

**વોર્ડ નં.10**
અવનીબેન સ્ટેમ્પવાલા 20,609
મમતાબેન વ્યાસ 19,430
બ્રિજેશ કાપડિયા 19,889
નીતિનકુમાર દોંગા 19,654

**વોર્ડ નં.11**
અર્ચના પટેલ 18,204
નિમિષાબેન શાહ 16,623
નરવીરસિંહ ચુડાસમા 16,896
ઉપેન્દ્રભાઈ પ્રજાપતિ બિનહરીફ

## વિજેતા ઉમેદવારને મળેલા મત

**વોર્ડ નં.12**
શકુંતલાબેન વસાવા 16,539
રીતા રવિપ્રકાશ સિંહ 17,807
સમીરભાઈ વાઘેલા 16,161
સ્મિત આરદેશના 16,045

**વોર્ડ નં.13**
ગીતાબેન મકવાણા 14,662
નિધિ પટેલ 14,324
ગોપાલભાઈ ગોહિલ 14,010
શૈલેન્દ્રસિંહ ઠાકોર 14,171

**વોર્ડ નં.14**
દીપીકાબેન પટણી 16,249
તીર્થ જતીન બ્રહ્મભટ્ટ 16,070
અંકિતા સોની 17,814
દીપા શ્રીવાસ્તવ 15,423

**વોર્ડ નં.15**
જ્યોતિ દિનેશચંદ્ર પંડ્યા 17,837
અજય રબારી 17,716
નયનાબેન શાહ 17,651
આશિષ જોશી 18,684

**વોર્ડ નં.16**
જાગૃતીબેન પટેલ 15,707
અલકાબેન પટેલ 15,546
વિજયભાઈ ચૌહાણ 14,265
ચંદ્રકાંત શ્રીવાસ્તવ 17,223

**વોર્ડ નં.17**
મીનાબેન પરમાર 14,506
કોકીલાબેન પવાર 16,531
ભુપેન્દ્રભાઈ માછી 15,520
હિરેન સુખડિયા 15,032

**વોર્ડ નં.18**
દીપાબેન પંચાલ 18,162
ચેતન પરમાર 18,435
માધવી ગાયકવાડ 18,242
કેતનભાઇ પટેલ 21,194

**વોર્ડ નં.1**
નિમિષાબેન પંચાલ 20,121
પ્રણવ સુબોધચંદ્ર રાય 17,123
પુનિતાબેન વ્યાસ 17,723
વિરેનકુમાર પટેલ 16,469